# કલેક્ટર અને ડીએસપી કચેરી ખાતે ખાસ કંટ્રોલરૂમ શરૂ કરાશે



મનપાની ચૂંટણી અંગે કમિશનર વરેશ સિંહાના અધ્યક્ષ સ્થાને સમીક્ષા બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં મતદારોની ફરિયાદો અંગે કલેક્ટર કચેરી અને જિલ્લા પોલીસ વડાની કચેરી ખાતે ખાસ કંટ્રોલરૂમ શરૂ કરવા માટે આજે રાજ્ય ચૂંટણી પંચે જિલ્લા તંત્રને જણાવ્યુ છે. આ ઉપરાંત મતદાનના દિવસે પણ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે પોલીસની સ્ટ્રાઈકીંગ ફોર્સની ટીમો બનાવવા માટે પણ પંચે સૂચનાઓ આપી છે.

ગાંધીનગર મહાનગર પાલિકાની યોજાનાર સામાન્ય ચૂંટણીના આયોજન અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ચૂંટણીલક્ષી સમગ્ર કામગીરીના આયોજન અને અમલીકરણ તથા કાયદો વ્યવસ્થા સહિતના પગલાઓની થયેલ કામગીરી અંગે રાજ્ય ચૂંટણી પંચના કમિશનર વરેશ સિંહાના અધ્યક્ષ સ્થાને જિલ્લા કલેક્ટર રવિશંકર અને સી. આઈ. ડી. ક્રાઈમના આઈ.જી. પ્રમોદકુમાર તથા ગાંધીનગર રેન્જ આઈ. જી. મનોજ શશીધર, ડી. આઈ. ડી. એસ. કે. દવેની ઉપસ્થિતિમાં સમીક્ષા બેઠક યોજાઈ હતી.

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીમાં હથિયારો જપ્ત કર્યા બાબત તથા અટકાયતીના પગલા, તડીપાર રીવ્યુ, સંવેદનશીલ મતદાન મથકો તથા દારૂબંધી અંગેની કડક અમલવારી સંદર્ભે થયેલી કામગીરી તથા સઘન પેટ્રોલિંગ અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરી અસરકારક પગલાઓ હાથ ધરવા ચૂંટણી કમિશનર વરેશ સિંહાએ વિવિધ સૂચનો કર્યા હતા.

જિલ્લા કલેક્ટર રવિશંકરે ઓનલાઈન વોટીંગ સિસ્ટમ (ઓ.વી.એસ.)ના વિકલ્પ સાથે મતદાન યોજાનાર હોઈ તથા પૂર્વ તૈયારીના આયોજન અંગે ગાંધીનગર જિલ્લા વહીવટીતંત્ર દ્વારા થયેલ કામગીરીની વિસ્તૃત માહિતી આપી હતી. આ ઉપરાંત મતદાન મથકોની

● અનુસંધાન પાન-૭ પર

# ૬૮૧ મતદારો ઈ. વોટીંગ કરશે

**સૌથી વધુ ઈ.વોટર્સ વોર્ડ નં. ૩માં નોંધાયા : સૌથી ઓછા ઈ.વોટર્સ વોર્ડ નં. ૫માં નોંધાયા**

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરમાં ૬૮૧ ઈ.વોટર્સ નોંધાયા છે જેમાં સૌથી વધુ ઈ. વોટર્સ વોર્ડનં. ૩માં નોંધાયા છે જ્યારે સૌથી ઓછા વોર્ડ નં. ૫માં નોંધાયા છે.

ઈ.વોટર્સ રજીસ્ટ્રેશન આમ તો ૭૮૦ મતદારોનું થયું છે પરંતુ ૯૯ અરજદારો ગાંધીનગર શહેરની હદ બહાર નોંધાયેલા જણાયા છે. દ્વિતીય સામાન્ય ચૂંટણીમાં ઈ. વોટર્સની સંખ્યામાં વધારો થવા પામ્યો છે.

ઈ. વોટર્સને હવે તેમને લીંક આપવા માટેના એસ.એમ.એસ. તંત્ર દ્વારા આપવામાં આવી રહ્યા છે. જે ૧૯મી સુધીમાં લીંક મેળવી લેવાની રહેશે. જો આ લીંક મેળવેલી હશે તો જ તેમના કોમ્પ્યુટર પરથી તેઓ મતદાન કરી શકશે.

શહેરમાં વોર્ડવાર નોંધાયેલા મતદારોની સંખ્યા આ પ્રમાણે છે.

| | |
|---|---|
| વોર્ડ નં. ૧ | ૧૦૫ |
| વોર્ડ નં. ૨ | ૪૦ |
| વોર્ડ નં. ૩ | ૧૨૭ |
| વોર્ડ નં. ૪ | ૬૪ |
| વોર્ડ નં. ૫ | ૧૬ |
| વોર્ડ નં. ૬ | ૧૦૦ |
| વોર્ડ નં. ૭ | ૧૦૮ |
| વોર્ડ નં. ૮ | ૧૨૧ |
| કુલ | ૬૮૧ |



ચકલુડીયા - અબોલ પક્ષીઓને ધોમધખતા તાપમાં તરસ છીપાવવા શહેરમાં મોટી સંખ્યાના રહેણાંક વિસ્તારમાં ચકલુડિયા સેવાભાવીઓએ લગાવ્યા છે... અને પક્ષીઓ એનો લાભ લે છે એનો સંતોષ છે...

# પાટીદાર જેલભરો આંદોલનને પગલે ગાંધીનગર પોલીસ સ્ટેન્ડ ટુ

**આઈ.બી. સક્રીય : પાટીદારો ટુકડીઓ બનાવીને મહેસાણા જવા રવાના**

ગાંધીનગર, તા.૧૬

હાર્દિક સહિતના પાટીદાર આંદોલનના નેતાઓને જેલમુકત કરવા પાટીદારોએ જેલ ભરો આંદોલન કાર્યક્રમ ગોઠવ્યો છે. ૧૭મીએ પાસ દ્વારા જેલ ભરો આંદોલનનું એલાન કરતા હવે ગાંધીનગર પોલીસ પણ સ્ટેન્ડ ટુ થઈ ગઈ છે. રવિવારે આ કાર્યક્રમ દરમિયાન થતી તમામ ગતિવિધિઓ પર સરકારની સતત વૉચ હોવાથી આઈ.બી. સક્રીય થઈ ગઈ છે.

પાટીદાર અનામત આંદોલન બાદ થયેલા તોફાનોમાં હાર્દિક પટેલ સહિત કેટલાક પાટીદારોને જેલમાં

● અનુસંધાન પાન-૭ પર

**OFFICE OF THE STATE MEDICAL COMMISSIONER**
**EMPLOYEES' STATE INSURANCE CORPORATION, GUJARAT**
(Ministry of Labour & Employment, Govt. of India)
PANCHDEEP BHAVAN, ASHRAM ROAD, AHMEDABAD - 380014
Tel.: 079-27546302 • Fax.: 079-27545596
Website : www.esic.nic.in E-mail: smc-gj@esic.in, smc-guj@esic.nic.in

**ADVERTISEMENT FOR EMPANELMENT OF I.M.P. / PRIVATE HOSPITALS AND NURSING HOMES AND MOBILE VAN CLINIC IN GUJARAT**

Application are invited from Registered Medical Practitioners (Modern Medicine with minimum M.B.B.S. Degree) for empanelment as Insurance Medical Practitioner (IMP) and Private Nursing Homes, Hospitals run by Trusts & NGO's & Mobile Van Clinic working in centres of various districts as per list in Gujarat State for providing primary health services with basic investigations to the Insured Persons and their family members.

The applications Form / E.O.I. document can be obtained directly from the Office of the State Medical Commissioner, Regional Office, ESI Corporation, 4th Floor, Panchdeep Bhavan, Ashram Road, Ahmedabad-380014 on submission of Demand Draft of ₹ 200/- (non-refundable) issued by nationalized bank in favour of "ESI Fund A/c No. 1" drawn at Ahmedabad till 09/05/2016 (up to 2 PM) during working days (Monday to Friday). The Application Form / E.O.I. document may also be downloaded from the website **www.esic.nic.in** under Tender Tab and **www.eprocure.gov.in.**

Duly filled application form along with all necessary documents may be submitted in a sealed envelope super scribed **"Application for IMP/Mobile Van Clinic"** to the Office of State Medical Commissioner, 4th Floor, Panchdeep Bhavan, Ashram Road, Ahmedabad-380014 **by 09/05/2016 upto 5.00 PM by Post or by Hand.**

Decision of the competent authority in this regard shall be final and binding in all respects.

**Those Insurance Medical Practitioner (IMP) and Private Nursing Homes, Hospitals run by Trusts & NGO's & Mobile Van Clinic who had applied earlier need not apply again.**

**State Medical Commissioner**
**ESI Corporation, Ahmedabad, Gujarat**

**ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.**
મધુર ડેરી, ઈલેક્ટ્રોનીક એસ્ટેટ, સેક્ટર-૨૫,
'ક' રોડ, ગાંધીનગર-૩૮૨૦૨૩
ફોન : ૨૩૨૮૭૧૩૪ થી ૩૮, ફેક્સ : ૨૩૨૮૭૧૪૦

**વાર્ષિક સર્વિસ કોન્ટ્રાક્ટ આપવાનો છે**

ઉપરોક્ત સહકારી સંસ્થાના ગ્રેવીટી ટાઈમ રેકોર્ડીંગ મશીન નંગ-૨નો તા. ૧/૫/૨૦૧૬થી તા. ૩૦/૪/૨૦૧૭ સુધી વાર્ષિક ધોરણે સર્વિસ કોન્ટ્રાક્ટ આપવાનો છે. રસ ધરાવનાર પાર્ટીઓએ પોતાના ભાવ / ઓફર તમામ ટેત્ર સાથેના ઉપરોક્ત વિગતે સીલબંધ કવરમાં, સંસ્થાની ઓફીસમાં રૂબરૂમાં તા. ૨૫/૪/૨૦૧૬ સુધીમાં મોકલી આપવાના રહેશે. સદર ભાવ / ઓફર સ્વીકારવા કે કેન્સલ કરવાની તમામ સત્તા મેનેજીંગ ડિરેક્ટરશ્રીની રહેશે.

મેનેજીંગ ડિરેક્ટરશ્રી

# આજથી જિલ્લામાં વિશેષ ગ્રામસભા અભિયાન આરંભાશે

**પાંચ સનદી અધિકારીઓ પણ અભિયાનમાં જોડાશે : જિલ્લાના ૬૩ અધિકારીઓને પણ અભિયાનમાં જવાના આદેશ**

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાં આજથી 'ગ્રામોદયથી ભારત ઉદય' કાર્યક્રમ અંતર્ગત ખાસ ગ્રામસભા અભિયાન અને કિસાન સભાઓના કાર્યક્રમનો પ્રારંભ થઈ રહ્યો છે જે ૨૪મી એપ્રિલ સુધી ચાલશે.

પંચાયતી રાજના સશક્તિકરણ માટે આ વિશેષ ગ્રામસભાઓનું આયોજન કરાયું છે. તંત્રએ આ ગ્રામસભા અભિયાન માટે ૬૩ જેટલા વર્ગ-૨ના અધિકારીઓને લાયઝન અધિકારી તરીકે નિયુક્ત કર્યા છે અને તેઓ આ અભિયાનમાં

● અનુસંધાન પાન-૭ પર




# હાર્દિકની જેલ ટ્રાન્સફરની અરજી પર સુનાવણી ટળી

અમદાવાદ, તા.૧૬

પાટીદાર સમુદાય માટે અનામતની માંગ કરીને ગુજરાતભરમાં ભારે ચકચાર જગાવનાર પાટીદાર લીડર હાર્દિક પટેલની જેલ ટ્રાન્સફર માટેની અરજી પર સુનાવણી આજે ટળી ગઈ હતી. હવે જેલ ટ્રાન્સફર અંગેની અરજી પર ૨૮મી એપ્રિલના દિવસે સુનાવણી હાથ ધરવામાં આવશે. સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે હાર્દિક પટેલને આજે સુરતની કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો જ્યાં હાર્દિકે કહ્યું હતું કે, સમાજના હિતમાં હશે તો સમાધાન કરવામાં આવશે. હાર્દિકને સુરતની કોર્ટમાં ફરી રજુ કરવામાં આવ્યો છે. હાર્દિકની જેલ ટ્રાન્સફરની અરજી પર સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જેમાં વધુ સુનાવણી ૨૮ એપ્રિલના રોજ હાથ ધરવામાં આવશે.













Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com